# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*******************************************************

1. **પ્રધાનમંત્રી કેન્દ્રીય મંત્રીમંડળે આજે આગામી દસ વર્ષના સમયગાળા માટે 28 હજાર કરોડથી વધુની સુધારેલી "ઉડાન" યોજનાના અમલીકરણને મંજૂરી આપી.**
2. **રાજ્યસભાની મંજૂરી સાથે સંસદે આજે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના અધિકારોના રક્ષણ અંગેનું સુધારા વિધેયક, 2026 પસાર કર્યું.**
3. **લોકસભાએ ધ્વનિમત દ્વારા નાણાં વિધેયક , 2026 પસાર કર્યું.**
4. **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક યોજાઇ.**
5. **પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવે સ્પષ્ટતા કરી કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થયો નથી.**
6. **છત્તીસગઢમાં નક્સલવાદી સંગઠનના ટોચના નેતા સહિત કુલ 18 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું.**

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET – EARLY

કેન્દ્રીય મંત્રીમંડળે આજે આગામી દસ વર્ષના સમયગાળા માટે 28,હજાર 840 કરોડના કુલ ખર્ચ સાથે પ્રાદેશિક જોડાણ યોજના - સુધારેલી "ઉડાન" યોજનાના લોન્ચ અને અમલીકરણને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે 100 એરપોર્ટ એવા સ્થળોએ વિકસાવવામાં આવશે જ્યાં હાલમાં હવાઈ પટ્ટીઓનો અભાવ છે. આનાથી પછાત અને અછતગ્રસ્ત વિસ્તારોમાં પ્રાદેશિક હવાઈ જોડાણમાં સુધારો થશે. જેથી આર્થિક વિકાસ, વેપાર અને પર્યટનને પણ વેગ મળશે અને સામાન્ય લોકો માટે સસ્તી હવાઈ મુસાફરીની સુવિધા પૂરી પડાશે.

## (બાઇટ -અશ્વિની વૈષ્ણવ )

આ ઉપરાંત મંત્રીમંડળે 1 હજાર 800 કરોડ રૂપિયાના બજેટ ખર્ચ સાથે, 31 માર્ચ, 2026 થી પાંચ વર્ષ માટે ઇમિગ્રેશન, વિઝા, વિદેશી નોંધણી અને ટ્રેકિંગ (IVFRT) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

# FUR-REV-RS---TRANGENDER-BILL

રાજ્યસભાની મંજૂરી સાથે સંસદે આજે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) સુધારા વિધેયક, 2026 પસાર કર્યું છે,. લોકસભામાં વિપક્ષના વોકઆઉટ વચ્ચે ગઈકાલે આ વિધેયક ધ્વનિ મતથી પસાર થયું હતું. આ વિધેયક ટ્રાન્સજેન્ડર લોકોની શ્રેણીને ફરીથી વ્યાખ્યાયિત કરવા, લિંગની સ્વ-ઓળખની જોગવાઈને દૂર કરવા અને ટ્રાન્સમેસ્ક્યુલિન વ્યક્તિઓ, તેમજ અનેક સામાજિક-સાંસ્કૃતિક ઓળખોને તેના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખવાનો પ્રયાસ કરે છે.

રાજ્યસભામાં વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી, ડૉ. વીરેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે વિધેયકમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને સશક્તિકરણ અને આદર આપવાની જોગવાઈઓ છે. ઉપલા ગૃહમાં ચર્ચા શરૂ કરતા, કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ આ પગલાને ખોટું અને ગેરકાયદેસર ગણાવ્યું. વિધેયકના સમર્થનમાં,ભાજપના સાંસદ મેધાવિશ્રામ કુલકર્ણીએ કહ્યું કે એક કાયદો જરૂરી છે જે સાચા ટ્રાન્સજેન્ડર લોકોને ન્યાય આપે અને નકલ કરનારાઓને સજા આપે.

# REV-LS-–-FINANCE-BILL

લોકસભાએ ધ્વનિમત દ્વારા નાણાં વિધેયક , 2026 પસાર કર્યું છે. આ બિલ નાણાકીય વર્ષ 2026-2027 માટે કેન્દ્ર સરકારના નાણાકીય પ્રસ્તાવોના અમલીકરણની જોગવાઈ કરે છે. ગૃહે સરકાર દ્વારા પ્રસ્તાવિત સુધારાઓને મંજૂરી આપી.

આજે ગૃહમાં નાણાં વિધેયક, 2026 પર ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકાર સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, ખેડૂતો અને સહકારી સંસ્થાઓને સશક્ત બનાવી રહી છે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે નાણા વિધેયક 2026-27 પાંચ સ્પષ્ટ સિદ્ધાંતો પર આધારિત છે: વિશ્વાસ આધારિત કર વહીવટ, સામાન્ય નાગરિકોના જીવનધોરણમાં સુધારો, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, ખેડૂતો અને સહકારી સંસ્થાઓને સશક્ત બનાવવા, ભારતને વૈશ્વિક વેપાર કેન્દ્ર તરીકે મજબૂત બનાવવા અને સીમલેસ વેપાર સુવિધા અને કસ્ટમ સુધારા. સીતારમણે જણાવ્યું હતું કે બિલનો મુખ્ય ઉદ્દેશ્ય જીવનધોરણ સુધારવા અને કરદાતાઓ માટે મુશ્કેલીઓ ઘટાડવાનો છે.

# LS – AI MISSION

સરકારે માહિતી આપી છે કે ઇન્ડિયા એઆઈ મિશન હેઠળ કુલ ૧૯૦ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. આમાંથી ૭૮ પ્રોજેક્ટ સરકારી સંસ્થાઓ સાથે, ૪૬ સ્ટાર્ટઅપ્સ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો સાથે અને ૨૭ સંશોધકો અથવા શૈક્ષણિક સંસ્થાઓ સાથે છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્યમંત્રી જિતિન પ્રસાદે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી કે સરકારે દેશમાં એકંદર એઆઈ ઇકોસિસ્ટમના વિકાસ માટે ૧૦ હજાર ૩૭૨ કરોડ રૂપિયાના ખર્ચ સાથે ઇન્ડિયા એઆઈ મિશન શરૂ કર્યું છે.

# RS - CAPF BILL

આજે રાજ્યસભામાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (જનરલ એડમિનિસ્ટ્રેશન) બિલ, 2026 રજૂ કરવામાં આવ્યું. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આ બિલ રજૂ કર્યું, જેનો હેતુ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં ગ્રુપ A જનરલ ડ્યુટી ઓફિસર્સ અને અન્ય અધિકારીઓની ભરતી અને સેવાની શરતોને નિયંત્રિત કરવાના સામાન્ય નિયમોનું પાલન કરવાનો છે. બિલમાં ઇન્સ્પેક્ટર જનરલના રેન્કમાં કુલ જગ્યાના 50 ટકા, અને એડિશનલ ડિરેક્ટર જનરલના રેન્કમાં ઓછામાં ઓછા 67 ટકા, અને સ્પેશિયલ ડિરેક્ટર જનરલ અને ડિરેક્ટર જનરલના રેન્કમાં તમામ જગ્યાઓ પર ભારતીય પોલીસ સર્વિસ (IPS) અધિકારીઓની ભરતીની જોગવાઈ છે.

# RIJIJU- PARLIAMENT HOLIDAY

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે સંસદના બંને ગૃહો આગામી શનિવાર અને રવિવારે મળશે નહીં,. રાજ્યસભા અને લોકસભામાં બોલતા, શ્રી રિજિજુએ કહ્યું કે નાણાં બિલ પસાર થવું સરકાર માટે મહત્વપૂર્ણ હતું, તેથી બંને ગૃહો સપ્તાહના અંતે કાર્યરત રહેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મંત્રીએ ઉમેર્યું કે આવતીકાલે સત્તાવાર રજાને કારણે સંસદની બેઠક નહીં મળે. ત્યારબાદ શુક્રવારે રાજ્યસભા અને લોકસભામાં સરકારી કામકાજ હાથ ધરવામાં આવશે. અને શુક્રવારે નિર્ધારિત ખાનગી કામકાજ પછીથી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે લોકસભાએ આજે ધ્વનિ મત દ્વારા નાણાં બિલ 2026 પસાર કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# ALL PARTY MEETING

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં એક સર્વપક્ષીય બેઠક યોજાઇ. પશ્ચિમ એશિયાના મુદ્દા પર નવી દિલ્હીમાં યોજાયેલ આ બેઠકમાં પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અંગે, ખોરવાઈ ગયેલા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો અંગે અને ખાડી દેશોમાં ભારતીય નાગરિકોની સલામતી અંગે ચર્ચાઓ થઈ.

આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, વિદેશમંત્રી એસ. જયશંકર, પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સહિત અન્ય નેતાઓ હાજર રહ્યા. આ ઉપરાંત કોંગ્રેસના નેતાઓ મુકુલ વાસનિક અને તારિક અનવર, સીપીઆઈ(એમ)ના સાંસદ જોન બ્રિટાસ, સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ અને અન્ય વિરોધ પક્ષોના નેતાઓ પણ આ બેઠકમાં જોડાયા હતા.

# SHAH- UCC

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય જનતા પાર્ટી - ગુજરાત વિધાનસભા દ્વારા સમાન નાગરિક સંહિતા –UCC બિલ પસાર થવા બદલ મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલને અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે ભાજપની સ્થાપનાથી જ દેશના દરેક નાગરિક માટે એક સમાન કાયદો બનાવવાનો અમારો સંકલ્પ રહ્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ રાજ્ય સરકાર આ દિશામાં સતત આગળ વધી રહી છે. તેમણે ઉમેર્યું કે દેશને તુષ્ટિકરણ ના આધારે નહીં, પરંતુ તમામ નાગરિકો માટે સમાન કાયદાના આધારે ચલાવવામાં આવે.આ ભાજપ સરકારની પ્રાથમિકતા અને સંકલ્પ છે.

# WEST ASIA- DAILY BRIEF

નવી દિલ્હીમાં આજે પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ અંગે આયોજિત આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ સ્પષ્ટતા કરી હતી કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થયો નથી.

## (બાઇટ- સુજાતા શર્મા)

PNG વિસ્તરણ વિશે વાત કરતા, તેમણે કહ્યું કે છેલ્લા 25 દિવસમાં, લગભગ 2.5 લાખ નવા કનેક્શન પૂરા પાડવામાં આવ્યા છે તેમજ અંદાજિત 2.2 લાખ ગ્રાહકો LPG થી PNG તરફ સ્થળાંતરિત થયા છે.

જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું હતું કે છેલ્લા 24 કલાકમાં, 50 ભારતીય નાવિકોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે.

## (બાઇટ- રાજેશ કુમાર સિંહા)

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી મોદીએ તણાવ ઓછો કરવા, શાંતિની વહેલી તકે પુનઃસ્થાપના કરવા અને વૈશ્વિક સ્થિરતા માટે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો અને સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા માટે ભારતના આહ્વાનને પુનરાવર્તિત કર્યું હતું.

# CHHATTIGARH-MAOISTS-SURRENDER

છત્તીસગઢમાં આજે નક્સલવાદી સંગઠનના ટોચના નેતા પાપા રાવ સહિત કુલ 18 નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું. પાપા રાવ નક્સલવાદી સંગઠનની રાજ્ય પ્રાદેશિક સમિતિના સભ્ય હતા અને તેમના પર 25 લાખ રૂપિયાનું ઇનામ હતું. તેમાં સાત મહિલાઓનો પણ સમાવેશ થાય છે.. બસ્તર ક્ષેત્રના વિભાગીય મુખ્યાલય જગદલપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં નક્સલવાદીઓએ પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું. અને આઠ AK-47 રાઇફલ, એક સેલ્ફ-લોડિંગ રાઇફલ અને એક સિંગલ બેરલ ગ્રેનેડ લોન્ચર સહિત અનેક શસ્ત્રો પણ સોંપ્યા.

# JAISHANKAR – US

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં અમેરિકાના યુદ્ધ સચિવ એલ્બ્રિજ કોલ્બી સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેમણે વર્તમાન ભૂરાજકીય પરિસ્થિતિ પર પોતાના વિચારો શેર કર્યા.

ભારત-અમેરિકા સંરક્ષણ નીતિ જૂથની બેઠક દરમિયાન આજે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ શ્રી એલ્બ્રિજ એ. કોલ્બી સાથે પણ મુલાકાત કરી. તેમણે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ, પ્રાદેશિક સુરક્ષાને આગળ વધારવા અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અંગે પોતાના વિચારો શેર કર્યા.